ગાંધીનગર સમાચાર
તા. ૩૦-૧-૨૦૧૫, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

આત્મનિરીક્ષણનો અવસર

ગાંધી ચીંધ્યા માર્ગે જ વિશ્વશાંતિ સ્થપાઇ શકે, એ મુદ્દે દુનિયામાં એકમતી પ્રવર્તે છે. પરંતુ ગાંધીની અહિંસાનો સૌથી મોટો ઉપહાસ ગાંધીના ગુજરાતમાં જ થતો રહ્યો છે, તે પણ દુનિયા જાણે છે. ગાંધીના જ હોમ સ્ટેટમાં એમની જન્મશતાબ્દી ટાણે ખૂંખાર કોમી રમખાણો થયાં હતા. અમનનાં ફિરસ્તાની શતાબ્દી વંદના કરવા ખાસ અમદાવાદ સાબરમતી આશ્રમની મુલાકાતે પધારેલા 'સરહદના ગાંધી' ખાન અબ્દુલ ગફારખાન એ રમખાણો જોઇને રાતાં પાણીએ રોયા હતા. આ વર્ષે દેશ ગાંધીના સ્વદેશાગમનની શતાબ્દી ઊજવી રહ્યો છે. દક્ષિણ આફ્રિકામાં વકીલાત કરવા ગયેલા બેરિસ્ટર એમ.કે. ગાંધીને એ દેશનાં રંગભેદની સામે લડત આપવાની તક સાંપડી ત્યારે એમને 'સત્યાગ્રહ'નું શસ્ત્ર શોધી કાઢ્યું. સત્ય અને અહિંસાના આજીવન ઉપાસકને દુનિયા 'મહાત્મા' ના હુલામણા નામે ઓળખવા લાગી. અંગ્રેજોના અત્યાચારો સામે ગાંધીએ અહિંસાનું અમોઘ શસ્ત્ર જ ઉગામ્યું. ભગતસિંહ અને ચંદ્રશેખર આઝાદ જેવા ક્રાંતિકારીઓ ઇંટનો જવાબ પથ્થરથી વાળવામાં માનતા હતા જયારે ૧૯૪૨ની 'કરેંગે યા મરેંગે' અને 'અંગ્રેજો, ભારત છોડો'ની ચળવળ ચલાવનારા 'અર્ધનગ્ન ફકીર' ગાંધી અને એમની અહિંસક સત્યાગ્રહીઓની સેના સામી છાતીએ લાઠી-ગોળી ખાઇને પણ હિંસક પ્રતિકારથી વેળગા જ રહ્યા. આખરે એમના સત્યાગ્રહ સામે અંગ્રેજ સરકારને ઝૂકવું પડ્યું અને દેશ આઝાદ તો થયો, પરંતુ ગાંધીએ સ્વપ્ને પણ કલ્પી ન હોય એવી હિંસા ભભૂકી ઊઠી. દેશના ધર્મના નામે ભાગલા પાડવાની મુસ્લિમ લીગની માગણી લોર્ડ માઉન્ટબેટનના આગ્રહને વશ થઇને ગાંધીજીના લાડકા રાજકીય વારસદારો - પંડિત જવાહરલાલ નહેરુ અને સરદાર પટેલે સ્વીકારી લીધી એથી ગાંધીને મરણતોલ પીડા પહોંચી હતી. દેશના ભાગલા જાનના જોખમે પણ નહીં થવા દેવાની એમની નેમ નિષ્ફળ નીવડતાં તેઓ ભાંગી પડ્યા હતા અને 'ભગવાન મને ઉપાડી લે તો સારું' - એવી રજૂઆત કરવા લાગ્યા હતા. દેશ આઝાદીનો ઉત્સવ ઊજવી રહ્યો હતો ત્યારે મહાત્મા ગાંધી કલકત્તા અને નોઆખલીના રમખાણગ્રસ્ત વિસ્તારોમાં અમનની મશાલ લઇને ફરતા હતા. 'રાષ્ટ્રપિતા' જેવું ઓફ ધ રેકોર્ડ બહુમાન મળ્યાં છતાં મહાત્મા ગાંધી હવે પોતાની જાતને અને પોતે પોષેલી કોંગ્રેસ સુદ્ધાંને અપ્રસ્તુત ગણતા થઇ ગયા હતા. એમને વારંવાર થતા હિંસક હુમલાઓ છતાં સુરક્ષા સ્વીકારવાની ઘરાર ના ભણી દીધી હતી. આખરે જે થવાનું હતું તે થઇને રહ્યું. ૧૯૪૮ના જાન્યુઆરીની ત્રીસમી તારીખે બાપુને મળવા આવ્યા હતા અને પ્રાર્થના પછી પંડિત નહેરુને બોલાવીને બે નેતાઓ વચ્ચે ઊભા થયેલા મતભેદોમાં મધ્યસ્થી બની કોઇ સર્વસંમત ઉકેલ લાવી આપવાની ઉમેદ રાખતા ગાંધીજીને ક્યાં ખબર હતી કે ગણતરીની નિમિટોમાં એમને આ ફાની દુનિયા છોડી દેવાની છે! એ મનુ અને આભા ગાંધીના ખભે હાથ મૂકી પ્રાર્થના માટે બિડલા હાઉસના પ્રાંગણમાં બહાર નીકળ્યા ત્યાં પગે લાગવાનું નાટક કરી નાથુરામ ગોડસેએ તાબડતોબ એમની ખુલ્લી છાતીમાં ત્રણ ગોળીઓ ઘરતી દીધી. નાનપણમાં દાસી રંભાએ અંધારાથી ડરતા બાળ મોહનને જે 'રામ' નામનો મંત્ર આપેલો, તેનું રટણ કરતાં એ ઢળી પડ્યા. ગાંધીજીની રાજઘાટ ખાતે આવેલી સમાધિ પર આ જ શબ્દો - જે ગાંધીજીએ મરતાં મરતાં ઉચ્ચારેલા તે - 'હે રામ' ટંકાયેલા છે. એક યુગપુરુષના દૈહિક અસ્તિત્વનો અકાળે અંત લાવવા પાછળ તે સમયના હિંદુત્વ સમર્થકોનો જ હાથ હતો. પાકિસ્તાન ધર્મના નામે જુદું પડ્યું અને ત્યાંથી હિંદુ પ્રજાને રિબાવી રિબાવીને મારી નાખવામાં કે ભગાડી મૂકવામાં આવી હતી. ગાંધીજી માટે હિંદુ-મુસ્લિમ જેવો કોઇ ભેદભાવ ન હોય પરંતુ કઠોર વાસ્તવ કંઇક જુદો જ હતો. એવી હાલતમાં પણ પાકિસ્તાનને એના ભાગનાં પંચાવન કરોડ રૂપિયા તત્કાળ ચૂકવી આપવાની મહાત્માની હઠ એમને ભારે પડી ગઇ. ગોડસે જેવા હત્યારાને ભાજપના સાંસદ સાક્ષી મહારાજ જેવા અનેક હિંદુત્ववાદીઓ આજે પણ 'દેશભક્ત' કહી બિરદાવે છે. મેરઠના કટ્ટર હિંદુત્ववાદીઓએ એનું મંદિર સુદ્ધાં બનાવી દીધું હોય તો તે વિશે ગાંધી વિચારમાં આસ્થા ધરાવતા વડાપ્રધાને હરફ સરખો ઉચ્ચાર્યો નથી. ગાંધી હત્યાના પ્રેરકબળ લેખે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ શરૂથી જ વગોવાતો રહ્યો છે. વખત પૂરતો એના પર પ્રતિબંધ લધાયો હતો અને એ લાદનારા તત્કાલીન ગૃહમંત્રી સરદાર પટેલને પાછળથી સંઘ નિર્દોષ પણ લાગ્યો હતો. ઇતિહાસ બદલી શકાતો નથી. ગાંધીને મારી શકાય છે, પરંતુ ગાંધી વિચાર શાશ્વત છે, ગાંધીજીને એમના શહીદી દિવસે કૃતજ્ઞ રાષ્ટ્ર શ્રદ્ધાંજલી આપે છે ત્યારે વર્તમાન સંદર્ભે સાદગી, મૂલ્યનિષ્ઠા અને સર્વધર્મ સમભાવ જેવી બાબતોમાં આપણે ક્યાં છીએ, તેની જાતતપાસ માંડીએ!

કડી કેમ્પસની આર.સી. સ્કૂલનો અનોખો સેવા યજ્ઞ

ગાંધીનગર, તા.૨૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત અને ગાંધીનગર સ્થિત આર.સી. પટેલ સ્કૂલના બાળકોએ મહેસાણા જિલ્લાના મણિપુરા મુકામે ગરમ કપડાનું વિતરણ કર્યું હતું એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર સંજય ત્રિવેદીના માર્ગદર્શનમાં શાળાના વિદ્યાર્થીઓએ પોતપોતાના ઘરેથી સ્વેચ્છાએ દાનમાં આપેલા આવા ૬૦ જોડ કપડાં ગામના જરુરિયાત મંદ બાળકોને પહોંચાડી વિના મુલ્યે અનોખો સેવાયજ્ઞ કર્યો હતો. આવું સુંદર કાર્ય કરવા બદલ સંસ્થાના આચાર્ય સહિત શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતાં.

સે-૧ ૬માં આવેલ અંધશાળા ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી હર્ષભેર કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ગાંધીનગરના વેપારી યાકુબભાઈ મન્સુરી, નિવૃત્ત અધિકારી અહેમદઅલી સૈયાદ તથા સંસ્થામાં છેલ્લા ઘણા વર્ષોથી માનદ સેવા આપતા અરવિંદભાઈ દોશીના વરદ હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળાના નેત્રહિન બાળકોએ સંગીતની સુરાવલી સાથે રાષ્ટ્રીય ગીતોની રમઝટ બોલાવી હતી. આ કાર્યક્રમમાં બે નેત્રહિન બાળકોએ ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની ઉજવણી વિશે તથા માનનીય શ્રી સુભાષચંદ્ર બોઝના જીવન ચરિત્ર વિશે પ્રેરણા દાયક પ્રવચન આપ્યું હતું.

તેલ-ગેસ સંરક્ષણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત યુથ વર્કશોપ યોજાયા

ગાંધીનગર, તા. ૨૯

કેન્દ્ર સરકારની સંસ્થા પેટ્રોલીયમ કન્ઝર્વેશન રીસર્ચ એસોસીએશન દ્વારા ૧૬ થી ૩૧ જાન્યુઆરી-૨૦૧૫ દરમ્યાન 'ઉર્જા બચત પખવાડિયા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર જિલ્લાની પાંચ શાળાઓ ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય (ગ્રામભારતી), પેથાપુર પગાર કેન્દ્ર, શાળા, પ્રેરણા વિદ્યાલય, આર.જી. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ અને શ્રી સ્વામી યોગાનંદ હાઈસ્કૂલ ખાતે નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટર તેમજ ગેલ ઈન્ડિયા લી.ના સંયુક્ત ઉપક્રમે 'યુથ પ્રોગ્રામ'નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામ દરમ્યાન પી.સી.આર.એ ના ફેકલ્ટી રાજેશ્રીબેન વાષ્ણેવ દ્વારા પેટ્રોલ, ગેસ જેવી કુદરતી સંપત્તિની બચત અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. વર્કશોપ દરમ્યાન 'ઘર ઘર કી કહાની' લઘુ ફિલ્મ પણ દર્શાવવામાં આવી હતી. પ્રોગ્રામમાં આપવામાં આવેલ માહિતી વિદ્યાર્થીઓને ખુબજ માહિતીપ્રદ તેમજ ઉપયોગી બનેલ છે.

કાર્યક્રમના ભાગરૂપે ઉર્જા બચતના વિવિધ પ્રશ્નોને આધારિત 'ક્વીઝ'નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. 'ક્વીઝમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ અને પાંચમા સ્થાને આવનાર વિજેતાઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. શાળાના આચાર્યો દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવા બદલ પી.સી.આર.એ ના ફેકલ્ટી રાજેશ્રીબેન વાર્ષ્ણેય, નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટરના કોઓર્ડિનેટર હાર્દિકભાઈ તેમજ ગેલ ઈન્ડિયા લી.ના સકસેના સાહેબના પ્રયાસોને બિરદાવવામાં આવ્યા હતા.

રવિવારે વિશ્વકર્મા જયંતિ પાટોત્સવનું આયોજન

ગાંધીનગરના વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા તા. ૧લી ફેબ્રુઆરી રવિવારે ૧૧મા વિશ્વકર્મા જયંતિ પાટોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાટોત્સવ સે. ૧૨માં આવેલ વિશ્વકર્મા મંદિર ખાતે યોજાશે. જેમાં ૨૧ યજમાન દંપતિઓ દ્વારા હવન, ૫૦૦ દિવાની મહા આરતી, ધ્વજારોહણ, ગરબા અને આતશબાજી કરાશે.

આ પાટોત્સવની પૂર્વે તા. ૩૧મી જાન્યુઆરીએ રાંદલના તેડાં તથા રાત્રી ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ પાટોત્સવમાં મુખ્ય યજમાનપદે હસમુખભાઈ ગજજર તથા મંદિરની ધ્વજાનું આરોહણ જીતુભાઈ ગજજરના હસ્તે કરવામાં આવનાર છે.

સેક્ટર-૨ લીમ્બચ પરિવારના સ્નેહમિલન સમારંભનું આયોજન

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના સે. ૨ ના લીમ્બચ પરિવાર દ્વારા તા. ૧૫મી ફેબ્રુઆરીએ દસમા સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારંભમાં સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવશે. આ સ્નેહમિલન સમારંભ સેક્ટર-૩માંધ-૧ પાસે આવેલ ચેહર માતાના મંદિર પાસે સવારે ૯.૦૦ વાગ્યાથી યોજાશે. આ સ્નેહમિલન સમારંભમાં સમાજના તેજસ્વી તારલાંઓના સન્માનની સાથે પ્રો. સુનિલકુમાર પુનમભાઈનું પણ સન્માન કરવામાં આવશે. આ ઉપરાંત આ સમારંભમાં નવી કારોબારીના હોદ્દેદારોની વરણી પણ કરવામાં આવસે.

વાવોલની લીટલ જીનીયસ વર્લ્ડ સ્કૂલમાં પ્રજાસત્તાક દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના વનશ્રી ટ્રસ્ટ અને વાવોલની લીટલ જીનીયસ વર્લ્ડ સ્કૂલ દ્વારા તા. ૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ધ્વજવંદન ઉપરાંત બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ વેશભૂષા યોજવામાં આવી હતી. આ બાળકોને વનશ્રી ટ્રસ્ટ દ્વારા ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા.

પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં વનશ્રી ટ્રસ્ટ વતી ધર્મેન્દ્ર પરમાર, મહાવીર નિમાવત અને દર્શિત પુરોહિતે હાજરી આપી હતી. કાર્યક્રમમાં બાળકોને શાળાના આચાર્યા અંજલિબેન વૈદ્ય અને વનશ્રી ટ્રસ્ટના ગ્રીન એમ્બેસેડર અંજનાબેન નિમાવત દ્વારા પ્રોત્સાહિત કરાયા હતાં.

પાંચ તાલુકા પ્રજાપતિ સમાજનો ૨૨મો સમૂહલગ્નોત્સવ

ગાંધીનગર, તા.૨૯

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામનો ૨૨મો સમૂહ લગ્નોત્સવ તા. ૧-૨-૨૦૧૫ને રવિવારના રોજ યોગેશ્વર કોલ્ડ સ્ટોરેજ અને વિનાયક કોલ્ડ સ્ટોરેજ અહમદપુરા, રખિયાલ રોડ, દહેગામ ખાતે યોજવામાં આવેલ છે. જેમાં સમાજના દાતાઓ, મહેમાનો તેમજ જ્ઞાતિબંધુઓની ઉપસ્થિતિમાં ૨૧ નવદંપતિઓ પ્રભુતામાં પગલા પાડશે તો આ પ્રસંગે તમામ જ્ઞાતિ બંધુઓને પધારવા સંસ્થાના પ્રમુખ નારણભાઈ શિવાભાઈ પ્રજાપતિએ અનુરોધ કર્યો છે.

શનિવારે સે. ૭માં નિઃશુલ્ક ડાયાબીટીસ પરીક્ષણ કેમ્પ

ગાંધીનગરમાં સેક્ટર-૭માં આવેલ સરકારી આયુર્વેદિક દવાખાના ચ-ટાઈપ બ્લોક નં. ૨૧૬ ખાતે તા. ૩૧મી જાન્યુઆરી શનિવારે સવારે ૧૦ થી ૧૨ વાગ્યા દરમ્યાન નિઃશુલ્ક ડાયાબીટીસ નિદાન તેમજ પરીક્ષણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પનો લાભ લેવા ગાંધીનગરના તમામ નગરજનોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

હરિની દૃષ્ટિ...

ડીઅર તારા માટે જાન હાજીર પરંતુ વેલેન્ટાઇન ડે વખતે ફરવા નહીં આવું.. ખબર છે ? ગયા વખતે પેલા લોકોએ જોર જોરથી ધોકા માર્યા હતા.. !!

રવિવારથી ગાયત્રી મંદિરે યોગ ધ્યાન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ તથા ગાયત્રી શકિતપીઠ સે-૧ના ઉપક્રમે નિઃશુલ્ક યોગ-ધ્યાન શિબિરનું આયોજન તા. ૧-૨-૨૦૧૫ થી તા. ૫-૨-૨૦૧૫ સાંજે ૪-૦૦ થી ૫.૩૦ દરમિયાન, શ્રી ગાયત્રી શકિતપીઠ, સે-૧, ગાંધીનગર ખાતે કરવામાં આવેલ છે. આ શિબિરમાં યોગાસન, પ્રાણાયામ, ધ્યાન, સાચું શ્વસન, ચોકકસ બિમારી માટેના આસનો, વ્યાયામ, યોગ દ્વારા તણાવ નિયંત્રણ વગેરેનું પ્રશિક્ષણ અપાશે. આ ઉપરાંત દિવ્ય જીવન સંઘ દ્વારા તા. ૧લી થી તા. ૧૦મી ફેબ્રુઆરી દરમિયાન ગાયત્રી શકિતપીઠ ખાતે સવારે ૭ થી ૮.૧૫ વાગ્યા સુધી નિઃશુલ્ક યોગ ધ્યાન શિબિર યોજાશે.

તા. ૧-૨-૨૦૧૫ ના રોજ સાંજે ૫-૦૦ થી ૬-૩૦ કલાકે હોમિયોપેથી અને નેચરોપેથિ નિદાન કેમ્પનું ફ્રી આયોજન પણ કરેલ છે. જેનો લાભ લેવા તમામ નગરજનોને આમંત્રણ અપાયું છે.

આજથી જયરામભાઈ પટેલ બીઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટમાં ટેક દૃષ્ટિ-૨૦૧૫નું આયોજન

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના ઈન્દ્રોડા સર્કલ પાસે આવેલ જયરામભાઈ પટેલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ બીઝનેશ મેનેજમેન્ટ ખાતે તા. ૩૦થી ૩૧મી જાન્યુઆરી દરમ્યાન રાષ્ટ્રિય કક્ષાની ઈવેન્ટ 'ટેક દૃષ્ટિ ૨૦૧૫'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ઈવેન્ટમાં ગુજરાત નીતિપંચના ઉપાધ્યક્ષ અને સંસ્થાના ચેરમેન નરહરિભાઈ અમીન ઉપસ્થિત રહેશે.

આ ઈવેન્ટ દરમ્યાન વિવિધ કાર્યક્રમો જેવા કે આઈટી ક્વીઝ, કોડ સેન્સ, વેબ હન્ટીંગ, વન મિનિટ ટેલેન્ટ શૉ, ન્યૂઝ પેપર ક્રિએટીવીટી, લેન ગેમ વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઈવેન્ટ દરમ્યાન સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી જયપ્રકાશભાઈ પટેલ, જોઈન્ટ મેનેજીંગ ટ્રસ્ટી પી.એસ. વ્યાસ વગેરે ઉપસ્થિત રહેશે. આ ઈવેન્ટના કન્વીનર ડૉ. એસ.ઓ. જુનારે છે. જેઓ ટેકનિકલ કેમ્પસના ડાયરેક્ટર છે. જ્યારે કો-કન્વીનર પ્રો.રેખા નાયર છે.

શહેર જાગૃત નાગરિક પરિષદની માસિક બેઠકનું આયોજન

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા ફેબ્રુઆરી માસની બેઠક તા. ૨જી ફેબ્રુઆરી સોમવારે સાંજે ૪.૩૦ વાગે સંસ્થાના પ્રમુખ લવજીભાઈ વાડિઆના અધ્યક્ષસ્થાને તેમના નિવાસસ્થાન સે. ૨૧માં આવેલ નમન એપાર્ટમેન્ટ ખાતે યોજાશે. આ બેઠકમાં વર્ષ-૨૦૧૪-૧૫ના હિસાબો તથા અન્ય પ્રશ્નોની સમીક્ષા કરાશે. આ બેઠકમાં ઉપસ્થિત રહેવા સંસ્થાના તમામ પદાધિકારીઓ, કાર્યવાહક સમિતિના સભ્યો તથા આમંત્રિતોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

સામાજિક સ્વચ્છતાનો પાઠ શીખવતા ગાંધી બાપુ : જયાં સુધી તમે ડોલ ને ઝાડુ લઇ નીકળો નહીં ત્યાં સુધી ગામ કે શહેર સ્વચ્છ થશે નહી

● 'નગરોના વિશાળ રસ્તાઓ, પૂરતા હવાઉજાસ તથા સુંદર બગીચાઓ માટે નગરપાલિકાને અભિનંદન આપું છું. પરંતુ જે નગરપાલિકાઓ પાસે નમૂનેદાર જાજરૂઓની સગવડ ન હોય તથા જેની ગલીઓ અને મહોલ્લાઓ ચોવીસ કલાસ સ્વચ્છ ન રહેતા હોય તે નગરપાલિકા ટકી રહેવાને લાયક નથી. ઘણી નગરપાલિકાઓએ જે મોટામાં મોટો પ્રશ્ન હલ કરવાનો છે તે ગંદકી અંગેનો છે. વાળનારાઓ કેવી દશામાં જીવે છે તેનો તમે કયારેક વિચાર કર્યો છે ખરો?'

● 'જયા સુધી તમે ઝાડુ અને ડોલ હાથમાં લઈ નીકળી નહીં પડો ત્યાં સુધી તમે તમારા ગામને કે શહેરને સ્વચ્છ કરી શકવાના નથી.'

● 'વિદ્યાર્થીઓને અક્ષરજ્ઞાન આપવા ઉપરાંત જો તેઓને રસોઇ અને સફાઇકામ કરવામાં નિષ્ણાત બનાવશો તો તમારી સંસ્થાને તમે સાચા અર્થમાં આદર્શ સંસ્થા બનાવી શકશો.'

● 'જો તમે જાતે જ તમારા ભંગી બની જશો તો તમે તમારી આજુબાજુની જગ્યા ચોખ્ખી રાખી શકશો. વિકટોરિયા ક્રોસ જીતવા માટે જેટલી હિંમત જોઇએ તેનાં કરતાં નિષ્ણાંત ભંગી થવા માટે કંઇ ઓછી હિંમતની જરૂર નથી.'

- લેખની શરૂઆતમાં દર્શાવેલી ઉપરોક્ત ચારેય જુદી જુદી સ્વચ્છતા સંદર્ભેની વાતો ઉપરથી સુજ્ઞ વાચકો એટલું તો સમજી ગયા હશે કે આ વાતો મહાત્મા ગાંધીએ જ કરી હોય. વિશ્વના કોઇ પણ રાજકીય કે સામાજિક નેતા કરતાં સ્વચ્છતા સંદર્ભે સૌથી વધુ વખત, વખતોવખત અને સરળ છતાં સટીક વાત કરનાર એકમાત્ર મો.ક. ગાંધી જ હતા.

વણિકમાંથી વૈશ્વિક મહામાનવ બનેલા મહાત્મા ગાંધી જેવા કર્મઠ કેળવણીકાર શોધ્યો જડે એમ નથી. પૂ. બાપુના જીવન પ્રસંગો, વ્યાખ્યાનો અને પત્રો-લેખોમાંથી સામુદાયિક અને વ્યક્તિગત ચોખ્ખાઇની વાતો શોધવાની ચક્ષુ કસરત કર્યા સિવાય દૃષ્ટિગોચર થાય છે.

દક્ષિણ આફ્રિકામાં ટોલ્સટૉય ફાર્મના રોજિંદા વ્યવસ્થાપન પર એક નજર નાંખવા જેવી છે. ગાંધીજીના પુત્ર રામદાસ ગાંધીએ લખેલા 'સંસ્મરણો' નામના પુસ્તકમાં 'બાપુની શાળા' શીર્ષક સાથે પ્રકાશિત થયેલા પ્રકરણમાં પ્રગટ થયેલી રોજિંદી દિનચર્યા માત્ર વાત નહીં વ્યવહારિક અમલમાં મહાત્માનું મેનેજમેન્ટ કેવું હતું તે દર્શાવે છે. ટોલ્સટોય ફાર્મનું સંસ્મરણ શીડયુલ રામદાસે નોંધ્યુ છે તે આમ છે.

સવારે ૫.૩૦ ઉઠવું.

૫.૩૦ થી ૭.૦૦ - નિત્યકર્મ તથા પ્રાર્થના

૭.૦૦ થી ૮.૦૦ - ખેતીકામ

૮.૦૦ થી ૯.૦૦ - નાસ્તા

૯.૦૦ થી ૧૧.૦૦ - સફાઇ કામ - રસોડા કામ - લાકડા ફાડવા - મોચીકામ - છાપકામ - ધર્મકાર્ય વારાફરતી થતા.

૧૧.૦૦ થી ૧.૦૦ - સ્નાન - ભોજન - વાસણ સફાઇ - આરામ

બપોરે ૧.૦૦ થી ૪.૩૦ શિક્ષણ

૪.૩૦ થી ૫.૩૦ ખેતી અને લાકડા ફાડવા

૫.૩૦ થી ૬.૩૦ રમતગમત (ફૂટબોલ, ક્રિકેટ, હુતુતુ, આટાપાટ અને છુટ્ટી દડી વગેરે દેશી રમતો રમતા)

૬.૩૦ થી ૮.૦૦ - ભોજન, વાસણ અને રસોડાની સફઆઇ

૮.૦૦ થી ૯.૦૦ સ્વાધ્યાય

૧૦.૦૦ થી ૫.૩૦ શયન

આજથી ૧૦૪ વર્ષ પહેલાં ગાંધીજીએ સ્થાપેલી ટોલ્સટોય જીવનશાળામાં પણ સવાર, બપોર અને સાંજ ત્રણેય સમય કોઇ દર્દીને ડૉક્ટર આપેલા દવાના ડોઝની જેમ ચોકસાઇ ભર્યુ સફાઇ કાર્ય જોડાયેલું હતું.

દક્ષિણ આફ્રિકામાં જેલ વાસ દરમિયાન મહાત્મા ગાંધીએ જેલના ખાળકૂવા સાફ કરવાનું સ્વેચ્છાએ સ્વીકાર્યું હતું. તો એકવાર જેલના સત્તાધીશે મો.ક. ગાંધીનું અપમાન કરવા કચરો વાળનારનું કામ સોપ્યું હતું. અલબત્ત ગાંધીજીએ તો આ કામ મોજથી સ્વીકારીને એ અવળચંડા અંગ્રેજને ભોંઠો પાડ્યો હતો. (ગાંધીજીએ જેલ અમલદાર શરમ અનુભવે એ આશયે વાળવાનું કામ નહોતું સ્વીકાર્યું એ સ્પષ્ટતા જરૂરી છે.)

વિદેશી ભૂમિમાં ૨૦ વર્ષ વસવાટ કર્યા બાદ છેંતાળીસ વર્ષની ઉંમરે ગાંધીજી સ્વદેશ પરત ફર્યા. તે સમયે હરદ્વારમાં મળેલા કુંભમેળાની મુલાકાત વખતે તેમણે મહિમાવંત લેખાતા કુંભસ્નાનનો લાભ લીધો હતો કે કેમ એ આ લખનારને જાણ નથી. કદાચ લીધો હોય તો પણ કુંભમેળાના સ્થળે ગંદકી ઉલેચ્યા પછી જ લાભ લીધો હશે એવો વિશ્વાસ છે કારણ કે તેમને ફિનીક્સ આશ્રમના વિદ્યાર્થીઓ સાથે કુંભસ્થાને આવેલાં ધર્મપ્રેમી બાંધવો થકી થયેલા કચરા-ગંદકીને ઉલેચવાનું કામ કર્યું હતું. એવી નોંધ જરૂર મળે છે!

ભારતીય સમાજને માત્ર ગોરા શાસનમાંથી જ મુક્તિ નહીં પરંતુ સમૂળગી આઝાદી ઇચ્છતા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ વ્યક્તિગત સફાઇમાં માનનારા ભારતીયોને સામાજિક સ્વચ્છતા સ્વીકારવાના પાઠ જાતને જોડીને શીખવાડ્યા છે.

ગંદકીને રાષ્ટ્રીય દૂષણ ગણાવતાં ગાંધીજી કહેતા - 'અંગત રીતે આપણે લોકો સ્વચ્છ છીએ એવી આપણી આબરુ છે છતાં એ પ્રમાણપત્રથી રાચી જવાનું કોઇ કારણ નથી. બીજી પ્રજાઓની સરખામણીમાં આપણે એક પ્રજા તરીકે વધારે સ્વચ્છ છીએ એનું કારણ રોજ સ્નાન કરવાની આપણી સર્વ સામાન્ય ટેવ તથા આપણા ઘરને ઘોલકાં ચોખ્ખા તથા વ્યવસ્થિત રાખવાની ટેવ છે.'

પણ આપણી સ્વચ્છતા અહીં જ અટકી જાય છે. આમ કહેતા તેઓ ઉમેરે છે કે 'આપણા પડોશીને ભોગે આપણે એ સ્વચ્છતા ખરીદીએ છીએ.'

નદી કે સરોવરની પાળે કુદરતી હાજતે બેસતા ભારતીયો તરફ સૂગ વ્યક્ત કરતા તેમણે આવી પ્રવૃત્તિને શિષ્ટાચારની સાથેસાથ આરોગ્યના અત્યંત પ્રાથમિક નિયમોનો ગુનાહિત ભંગ પણ થાય છે એવી લાગણી અનેક વખત તેમણે દર્શાવી હતી.

ગાંધીજીના સ્વરાજ પ્રાપ્તિના પ્રયાસો સાથે અન્ય કાર્યો જેવા કે અસ્પૃશ્યતા નિવારણ, મહિલા ઉત્થાન અને સામાજિક સ્વચ્છતા જેવા કામ પર ધ્યાન આપવાથી સ્વરાજ પ્રાપ્તિના ધ્યેય પરથી પ્રજાનું ધ્યાન હટી જાય છે. એવી તે સમયની કેટલીક બહુ જાણીતી વ્યક્તિઓની વાત જાહેર

થતી હતી. આવી વાતોને જાણતાં આ જાણતલ જોગીએ સ્પષ્ટ કર્યું હતું કે 'રાષ્ટ્રના આરોગ્યની સુરક્ષાએ સ્વરાજનું જ કામ છે, એને કોઇ પણ સંજોગોમાં એક દિવસ માટે પણ એ મુલત્વી ન રખાય. જો શાંતિમય માર્ગે સ્વરાજ મેળવવું હોય તો રાષ્ટ્રજીવનની પ્રત્યેક નાની નાની બાબત પર ધ્યાન આપવાથી જ એ ખરેખર મળી શકશે.'

આપણા સમર્થ લોક કેળવણીકાર મોહનદાસ કરમચંદ ગાંધીના વિચારને અનુસરીને સંપૂર્ણ સ્વચ્છતા તરફ વળવાની આપણી નૈતિક ફરજની યાદ પુનઃ તેમના જ એક પ્રસંગ પરથી મળી રહે છે. એક પરદેશી પત્રકારે ગાંધીજીનો ઈન્ટરવ્યુ કર્યો હતો. ગોરા કલમનવેશે સાક્ષાત્કારમાં સવાલ કર્યો હતો કે, મિ.ગાંધી, જો તમને એક દિવસ માટે હિંદના વાઇસરૉય બનાવવામાં આવે તો તમે શું કરો?

ગાંધીજીએ જવાબ વાળ્યો - 'વાઇસરોયના ઘરની પાસે સફાઇ કામદારોનાં જે ધોલકાં છે તેને સાફ કરું.' પ્રશ્ન પૂછનાર પણ પત્રકાર હતો ને એણે ફરી સવાલ કર્યો : 'એન્ડ મિ. ગાંધી જો તમને વધુ એક દિવસ તે પદ પર ચાલુ રાખવામાં આવે તો?'

'તે જ કામ હું બીજે દિવસે પણ કરું -' ગાંધીજીનો પુનઃપ્રત્યુત્તર, આવો જ રહ્યો!!

(લેખક સમાજશાસ્ત્રના પ્રધ્યાપક છે)

પરદેશી પત્રકારને ગાંધીનો પ્રત્યુત્તર : જો હિંદનો વાઇસરોય બનાવાય તો હું સફાઇ કામદારોના ધોલકાં સાફ કરું

સવાયા સેવક ગાંધીના સ્વદેશાગમનના સો વર્ષ

- રાજેન્દ્ર જાની